# જાહેર વિજ્ઞપ્તિ

સરકારશ્રી ધ્વારા COVID-19ને ફેલાતો રોકવા માટે લેવામાં આવી રહેલ પગલાઓને સમર્થન આપવાના હેતુસર ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ નીચેના પગલાઓની જાહેરાત કરે છે.

<u>મીટરનું વાંચન અને બીલીંગ:</u> COVID-19ને ફેલાતો રોકવા, જો મીટર રીડર આપના મીટરનું વાંચન ન લઇ શકે તેવા સંજોગોમાં GERC દ્વારા પ્રકાશિત સપ્લાય કોડની કલમ (૬.૫૭) મુજબ કરવામાં આવેલ જોગવાઈઓ અનુસાર કંપનીએ અગાઉના વીજ-વપરાશના આધારે અંદાજીત બીલ આપવાનું રહે છે. આ પ્રકારની સ્થિતિમાં જરૂરી વધ-ઘટ ત્યાર પછીની બીલીંગ સાયકલમાં કે જયારે અમો હકીકતમાં મીટરનું વાંચન કરી શકીએ ત્યારે સરભર કરવામાં આવશે.

આપને બીલની વિગત કંપનીમાં રજીસ્ટર થયેલ મોબાઇલ નંબર પર મળી રહેશે તેમ છતાં ગ્રાહકને જો વીજ-બીલ ન મળેલ હોય અને તેમને જરૂરિયાત હોય તેવા સંજોગોમાં મોબાઇલ નંબર <u>૬૩૫૯૮૬૯૫૯૯</u> પર આપનો ગ્રાહક નંબર WHATSAPP કે SMS કરવાથી, બીલની માહિતી કંપની દ્વારા પૂરી પાડવામાં આવશે. વધુમાં જો બીલની નકલની જરૂરિયાત હોય તો ઉપર જણાવેલ નંબર પર ગ્રાહક નંબર અને ઈ-મેઈલ આઈ-ડી WHATSAPP કે SMS કરવાથી, બીલની માહિતી ઈ-મેઈલ દ્વારા કંપની દ્વારા પૂરી પાડવામાં આવશે.

કંપની મુશ્કેલીના આ સમયગાળામાં પણ આપને ઉચ્ચ ગુણવત્તાસભર અને વિક્ષેપ રહિત વીજ-પુરવઠો પૂરો પાડવા માટે શક્ય તમામ પ્રયત્નો કરશે એવો ભરોસો આપે છે. મહેરબાની કરીને સુરક્ષિત અને તંદુરસ્ત રહો. આપના સહકાર અને સમજદારી બદલ આભાર.

ગ્રાહકોને આ માર્ગદર્શિકા અંગે તેમના મિત્રો તેમજ પરિવારજનોને જાણ કરવા વિનંતી જેથી અસુવિધાઓને ટાળી શકાય અને જાગૃતિ લાવી શકાય

મહા પ્રબંધક (નાણાં)
યુજીવીસીએલ, મહેસાણા

Scanned by CamScanner